અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરી
સામાજીક વનીકરણ, ગુજરાત રાજ્ય,
અરણ્ય ભવન, બ્લોક-બી/૨, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર
ફોન: ૦૭૯ ૨૩૨ ૫૪૧૪૩, ઈ-મેઈલ: apccf.fst.sf@gmail.com

ક્રમાંક:સાવયો/ટે.૫/બ/ 824 /૨૦૨૩-૨૪ તા। 8/૦૫/૨૦૨૩

પ્રતિ,

અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી,

આઈ.ટી. વિભાગ,

ગુજરાત રાજય, ગાંધીનગર

વિષય: વન પંડિત પુરસ્કાર આપવા બાબત. (સને ૨૦૨૨-૨૩)

ઉપરોક્ત વિષય અન્વયે સાદર જણાવવાનું કે, રાજયમાં વનીકરણ પ્રવૃત્તિમાં ખાનગી વ્યક્તિ રસ લે અને તેને પ્રોત્સાહન મળી રહે તે હેતુથી રાજય સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગના તા.૦૧/૦૫/૧૯૮૭ ના ઠરાવ ક્રમાંક: ટીઆરએસ-૧૯૮૬-૩૨૯૧-વ-૨ મુજબ વન પંડિત પુરસ્કાર આપવાનો નક્કી થયેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩ ના વન પંડિત પુરસ્કાર આપવા માટેની દરખાસ્તો મંગાવવા બહોળી પ્રસિધ્ધી માટે સામેલ જાહેરાત, વન પંડિત ઠરાવ, અને દરખાસ્ત માટેનું ફોર્મ Principal Chief Conservator of Forest & Head of Forest Force, Gujarat State ની વેબ સાઈટ પર મુકવા વિનંતી છે.

વન સંરક્ષક
સામાજીક વનીકરણ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

## વન પંડિત પુરસ્કાર

રાજયમાં વનીકરણની પ્રવૃત્તિમાં ખાનગી વ્યક્તિ રસ લે અને તેને પ્રોત્સાહન મળી રહે તે હેતુથી રાજય સરકાર દ્વારા વન પંડિત અંગેના પ્રમાણપત્ર તથા રાજયકક્ષાના ઈનામની યોજના નક્કી કરેલ છે. જેમાં પ્રથમ ઈનામ રૂ. ૫૦,૦૦૦, દ્વિતીય ઈનામ રૂ. ૨૫,૦૦૦ તથા તૃતીય ઈનામ રૂ. ૧૦,૦૦૦ આપવાની જોગવાઈ થયેલ છે. આ બાબતે સને ૨૦૨૨-૨૩ માટે ગુજરાત રાજયમાં વૃક્ષ ઉછેર દ્વારા પર્યાવરણની જાળવણીના ક્ષેત્રમાં ઉલ્લેખનીય કામગીરી કરનાર પાસેથી દરખાસ્તો મંગાવવામાં આવે છે. વધુ માહિતી માટે સરકારશ્રીનો ઠરાવ, નિયમો તથા અરજીનો નમુનો https://forests.gujarat.gov.in વેબ સાઈટ પર જોઈ લેવા વિનંતી છે. અથવા જે તે જિલ્લાના નાયબ વન સંરક્ષકશ્રી, સામાજીક વનીકરણનો સંપર્ક કરી શકાશે. અરજી તારીખ ૨૦/૦૬/૨૦૨૩ સુધીમાં જે તે જિલ્લાના નાયબ વન સંરક્ષકશ્રી, સામાજીક વનીકરણને કરવાની રહેશે.

વન સંરક્ષક
સામાજીક વનીકરણ
ગુજરાત રાજય, ગાંધીનગર

<u>વૃક્ષઉછેર સ્પર્ધા માટેના પ્રોત્સાહક ઈનામોની યોજના.</u>

ગુજરાત સરકાર,
વન અને પર્યાવરણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : ટીઆરએસ-૧૯૮૬-૩૨૯૧-વ-૨,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :- ૧-૧-૮૭

વંચાણે લીધો :

(૧) મુખ્ય વન સંરક્ષકશ્રીનો પત્ર ક્રમાંક : સામગો-૭-એ-૩૫૫, તા.૧૩-૮-૮૬

(૨) ઠરાવ ક્રમાંક : ખેતી, વન અને સહકાર વિભાગના ક્રમાંક : વનગ-૧૦૭૨-યુ.ઓ./૮૯૬/ગ તા.૧૭/૮/૬૪

(૩) ખેતી, વન અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક : ટીઆરએસ-૧૦૮૧-૧૨૨૩૧૯/વ.૨ તા.૧૫-૫-૮૨

(૪) ખેતી, વન અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક : ટીઆરએસ-૧૦૮૧-૧૨૨૩૧૯/વ.૨ તા.૧૧-૫-૮૨

ઠરાવ :

વૃક્ષ માનવીને પ્રકૃતિએ આપેલ અણમોલ ભેટ છે. વૃક્ષો કપાતા જાય છે. આથી પર્યાવરણ સમતુલા જોખમાઈ છે. આથી વધુ વૃક્ષો વવાય તે અંગેના સઘન પ્રયત્નો હાથ ધરાયેલ છે. પણ આ પ્રયત્નોથી સફળતા લોકોના સહકાર વગર શક્ય બને તેમ નથી. આ પ્રવૃત્તિમાં વધુ વેગ લાવવા શાળાઓ, ગ્રામ પંચાયતો, ખાનગી વ્યક્તિઓ વિગેરેને પ્રોત્સાહન આપવાનું નક્કી કરવામાં આવેલ. તે અંગેના ઉપર જણાવેલ ક્રમાંક : (૨), (૩) અને (૪) ઠરાવો રદ કરી ૧૯૮૭ના વન મહોત્સવથી નીચે મુજબની યોજના અમલી બનાવવાનું ઠરાવવામાં આવે છે.

(૧) વન પંડિત :-

રાજ્યમાં વનીકરણની પ્રવૃત્તિમાં ખાનગી વ્યક્તિ રસ લે, તેને માટે પ્રોત્સાહન મળી રહે તે હેતુથી રૂ.૧૦,૦૦૦/- (રૂપિયા દસ હજાર) પુરાનું એક ઈનામ રાજ્યકક્ષાનું આપવાનું ઠરાવવામાં આવે છે.

આ ઈનામ માટે વન પંડિતની પસંદગી માટે નીચે મુજબની સમિતિ રહેશે.

| | | |
|---|---|---|
| ૧ | મુખ્ય સચિવશ્રી | અધ્યક્ષ |
| ૨ | અધિક મુખ્ય સચિવશ્રી, (નાણાં) | સભ્ય |
| ૩ | સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ | સભ્ય |
| ૪ | સચિવશ્રી, ખેતી | સભ્ય |
| ૫ | સચિવશ્રી, ગ્રામ વિકાસ | સભ્ય |
| ૬ | રાજ્યમાં આવેલ વનીકરણમાં રસ ધરાવતી બિન સરકારી સંસ્થાના સરકારશ્રી તરફથી નિયુક્ત થયેલ બે પ્રતિનિધિ | સભ્ય |
| ૭ | અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, વડોદરા | સભ્ય |
| ૮ | મુખ્ય વન સંરક્ષકશ્રી, (સામાજિક વનીકરણ યોજના) | સભ્ય સચિવ |

આ અંગેના અન્ય નિયમો નીચે મુજબનાં રહેશે.

(૧) વન પંડિતનું પ્રમાણપત્ર તથા ઈનામ ગુજરાત/રાજ્યમાં વૃક્ષ ઉછેર દ્વારા પર્યાવરણની જાળવણીના ક્ષેત્રમાં કરેલ ઉલ્લેખનીય કામગીરી/માટે આપવામાં આવશે. ગુજરાત રાજ્યમાં વસતાં અને ગુજરાત રાજ્યમાં આવા પ્રકારની કામગીરી કરતી કોઈપણ વ્યક્તિ આ ઈનામ મેળવવાને પાત્ર રહેશે.

(૨) આ પુરસ્કાર મેળવવા પાત્ર/વ્યક્તિએ વ્યક્તિગત રીતે અથવા સંસ્થા મારફતે રાજ્યમાં વૃક્ષ ઉછેર, રોપ ઉછેર બાબતમાં ઉલ્લેખનીય તથા પ્રશંસનીય કામગીરી કરેલી હોવી જોઈએ.

(૩) કોઈપણ વ્યક્તિએ વૃક્ષ ઉછેર અને રોપ ઉછેર દ્વારા વ્યક્તિગત રીતે રાજ્યમાં કામગીરી કરી તેમાં સંશોધન દ્વારા લોકોને ગણનાપાત્ર માર્ગદર્શન આપેલ હોય અથવા વિવિધ યોજનાઓ દ્વારા સ્વપ્રયત્ન અને સંસ્થાના માર્ગદર્શન હેઠળ લોકોને વૃક્ષ ઉછેર, કુદરતી સંપત્તિનો બચાવ તથા તેના યોગ્ય ઉપયોગ માટે પ્રોત્સાહિત કર્યા હોય તેવી વ્યક્તિ પણ આ પુરસ્કારને પાત્ર રહેશે.

(૪) આ ઈનામની હરીફાઈમાં ભાગ લેનાર વ્યક્તિએ પોતાને માટે મેળવેલ આવક ઉપરાંત રાજ્યમાં વનીકરણની કામગીરી અને વૃક્ષોના રક્ષણ માટે સીધી રીતે તેમજ આડકતરી રીતે નોંધપાત્ર ફાળો આપેલ હોવો જોઈએ. તેમાંય ખાસ કરીને તેમની વૃક્ષ ઉછેર અને વૃક્ષ રક્ષણની પ્રવૃત્તિથી સમાજમાં સારી એવી અસર પડી છે કે કેમ ? વગેરે બાબતો તરફ ધ્યાન આપવામાં આવશે.

(૫) આવી વ્યક્તિના પ્રયત્નોથી સમાજના નીચલા સ્તરના કુટુંબો જેવાં કે, હરીજનો, આદિવાસીઓ, ખેતમજુરો, નાના અને સિમાંત ખેડૂતો વિગેરેમાં વૃક્ષ ઉછેરની પ્રવૃત્તિનો પ્રચાર કરવાની પ્રવૃત્તિમાં આપેલ ફાળાનો પણ સમાવેશ કરવામાં આવશે.

(૬) આ ઈનામ આપતી વખતે જે તે વ્યક્તિની ફક્ત એક જ વર્ષની કામગીરી ધ્યાનમાં લેવામાં આવશે નહી. પરંતુ તેમણે લાંબા ગાળાના સમયમાં વનીકરણની કામગીરી તેમજ વૃક્ષોના રક્ષણ માટે શું ફાળો આપેલ છે તે બાબતને લક્ષમાં લેવામાં આવશે.

(૭) આ ઈનામ જે તે વ્યક્તિને એક વખત મળ્યા પછી ફરીથી તે બીજા પાંચ વર્ષ માટે તે ઈનામ મેળવવા માટે હકકદાર રહેશે નહી.

(૮) આ હરીફાઈ મુખ્ય વન સંરક્ષકશ્રી, સામાજિક વનીકરણ યોજના મારફત ગોઠવવામાં આવશે. આ હરીફાઈમાં ભાગ લેનાર ઈસમનું પોતાનું ઉમેદવારી પત્ર ૩૧મી માર્ચ પહેલાં ઉપરોક્ત જણાવેલ અધિકારીને કરી શકાશે. આ ઉપરાંત ઉપરોક્ત અધિકારી રાજ્યની બીજી પણ સંસ્થા અથવા વ્યક્તિ પાસે આ ઈનામ આપવા માટેના ઈસમોની ઉમેદવારી મેળવી શકશે.

આ અંગેનું ખર્ચ " નેશનલ વેસ્ટ લેન્ડ ડેવલપમેન્ટ બોર્ડ" તરફથી મળનાર "ડીસેન્ટ્રલાઈઝ્ડ પીપલ્સ નર્સરી" ની યોજનાની ગ્રાન્ટમાંથી મેળવવામાં આવશે.

આ હુકમો આ વિભાગની સરખા નંબરની ફાઈલ પર તા.૯/૨/૮૭ના રોજ નાણાં વિભાગની મળેલ સંમતિ બાદ બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(– સહી –)
ઉપ સચિવ
વન અને પર્યાવરણ વિભાગ

પ્રતિ,
માનનીય મંત્રીશ્રી (વન ) ના અંગત સચિવશ્રી,
મુખ્ય સચિવશ્રી, ગાંધીનગર.
સચિવશ્રી, (કૃષિ) સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી, (ગ્રામ વિકાસ) સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સચિવાલયના તમામ વિભાગો.
વન. મહાનિર્દેશક : ઈન્સ્પેકટર જનરલ ઓફ ફોરેસ્ટ: ભારત સરકાર ન્યુ દિલ્હી
અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, વડોદરા.
મુખ્ય વન સંરક્ષકશ્રી, સામાજિક વનીકરણ યોજના, વડોદરા.
જિલ્લા કલેકટરશ્રીઓ (બધા) તમામ મામલતદારશ્રીઓને તેમજ ગ્રામ પંચાયતો, ખાનગી સંસ્થાઓ, અને ઔદ્યોગિક સંસ્થાઓને જાણ કરવાની વિનંતી સાથે.
શિક્ષણ નિયામકશ્રી, ગાંધીનગર
જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ (બધા) તમામ વિકાસ અધિકારીશ્રીઓને જાણ કરવા વિનંતી સાથે.
શિક્ષણ અધિકારીશ્રી (બધા)
શિક્ષણ પ્રાથમિક અધિકારીશ્રી (બધા) ... તમામ શાળાઓને જાણ કરવાની વિનંતી સાથે.
વન સંરક્ષકશ્રી, (સર્વે)
નાયબ વન સંરક્ષકશ્રી, (સર્વે) તમામ પરીક્ષેત્ર વન અધિકારીઓને જાણ કરવાની વિનંતી સાથે.
વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગર
નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી (બધા)
સિલેક્ટ ફાઈલ.

<u>વૃક્ષઉછેર સ્પર્ધા માટેના ઈનામોની યોજના.</u>

ગુજરાત સરકાર,
વન અને પર્યાવરણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : ટીઆરએસ–૧૯૮૬–૩૨૯૧–ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :– ૧–૧–૧૯૯૪

સંદર્ભ :– વન અને પર્યાવરણ વિભાગના ઠરાવ ક્રમાંક :–
(૧) ટીઆરએસ–૧૯૮૬–૩૨૯૧–વ.૨ તા.૧–૫–૮૭
(૨) ટીઆરએસ–૧૯૮૬–૩૨૯૧–વ.૨ તા.૧૮–૧૦–૮૯
(૩) ટીઆરએસ–૧૯૮૯–૩૪૦૫–વ.૨ તા. ૧૩–૮–૯૧
(૪) ટીઆરએસ–૧૯૯૧–૨૮૯૯–વ.૨ તા. ૧૯–૮–૯૧
(૫) ટીઆરએસ–૧૯૯૨–૩૮૩૮–ગ તા.૨૮–૧૦–૯૩
(૬) મુખ્ય વન સંરક્ષકશ્રી, સામાજિક વનીકરણ યોજના ગુજરાત રાજ્ય, વડોદરાનો તા.૫–૧૧–૯૨નો પત્ર ક્રમાંક : સાવ–૧૧ગ/૮૫૯–સને ૧૯૯૨–૯૩

<u>ઠરાવ :–</u>

હાલમાં રાજ્યમાં વૃક્ષ ઉછેર સ્પર્ધા માટેના પ્રોત્સાહક ઈનામો આપવાની જુદી જુદી યોજનાઓ આ વિભાગના સંદર્ભ (૧) અને (૪) માં દર્શાવેલા અનુક્રમે તા.૧–૫–૮૭ અને તા. ૧૯–૮–૯૧ના ઠરાવોથી અમલમાં મૂકવામાં આવેલ છે. આ બંને ઠરાવમાં અમુક યોજનાઓ બેવડાતી હોવાની રજુઆત મુખ્ય વન સંરક્ષકશ્રીના સંદર્ભ (૬)માં દર્શાવેલા તા.૫–૧૧–૯૨ના પત્રથી કરવામાં આવેલ અને બેવડાતી યોજનાઓ રદ કરવા જણાવવામાં આવેલ છે. આ બાબતે કાળજીપૂર્વકની વિચારણાને અંતે સરકાર નીચે મુજબ ઠરાવે છે.

(૧) આ વિભાગના તા.૧–૫–૮૭ના સંદર્ભ(૧)માં દર્શાવેલ ઠરાવમાંની વન પંડિતનો પુરસ્કાર આપવા સિવાયની અન્ય યોજનાઓ રદ કરવામાં આવે છે. એટલે કે આ ઠરાવ મુજબની ફક્ત વન પંડિતનો પુરસ્કાર આપવાની યોજના ચાલુ રહેશે.

(૨) સંદર્ભ (૨) માં દર્શાવેલ તા.૧૮–૧૦–૮૯ના ઠરાવથી વન પંડિતનો પુરસ્કાર નક્કી કરવા માટેની પસંદગી સમિતિના અને રાજ્યકક્ષાની વૃક્ષ ઉછેર હરીફાઈ માટેની પસંદગી સમિતિના અને બે બે બિનસરકારી સભ્યોની નિયુક્તિ કરવામાં આવેલ છે. જે પૈકી વન પંડિતના પુરસ્કાર માટેની સમિતિના બે બિનસરકારી સભ્યોની નિમણુંકો સંદર્ભ(૫)માં દર્શાવેલા ઠરાવથી રદ કરેલ છે. હવે તા.૧–૫–૮૭ના ઠરાવ મુજબની રાજ્યકક્ષાની વૃક્ષ હરીફાઈ યોજના રદ થતાં તે

અંગેની સમિતિના સભ્યોની નિમણુંક પણ રદ કરવામાં આવે છે. એટલે કે તા.૧૮-૧૦-૮૯નો ઠરાવ સંપુર્ણપણે રદ કરવામાં આવે છે.

(૩) સંદર્ભ (૩)માં દર્શાવેલા તા.૧૩-૮-૯૧નો ઠરાવ પણ ઉપર ફકરા (૧) માં દર્શાવેલી રદ થતી યોજનાઓના ઈનામોની રકમ્ના સંદર્ભમાં બહાર પાડેલ હોઈ સંપુર્ણપણે રદ કરવામાં આવે છે.

(૪) સંદર્ભ (૪)માં દર્શાવેલા તા.૧૯-૮-૯૧ ના ઠરાવમાં દર્શાવેલા મુજબની બધી યોજનાઓ ચાલુ રહે છે.

ઉપરોક્ત હકીકતે હવે સમગ્ર રાજયમાં તા.૧-૧-૮૭ના ઉપર દર્શાવેલા ઠરાવમાંની વન પંડિતનો પુરસ્કાર આપવાની તેમજ તા.૧૯-૮-૯૧ના ઠરાવમાં દર્શાવેલી પુરસ્કારોની યોજનાઓ અમલમાં રહે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(- સહી -)
(અનંત પટેલ)
સેકશન અધિકારી
વન અને પર્યાવરણ વિભાગ

પ્રતિ,
મા. મંત્રીશ્રી (વન ) ના અંગત સચિવશ્રી,
મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો.
અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજય, વડોદરા.
મુખ્ય વન સંરક્ષકશ્રી, સામાજિક વનીકરણ યોજના, વડોદરા.
સર્વે કલેકટરશ્રીઓ.
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
વિભાગની સર્વે શાખાઓ.
સિલેકટ ફાઈલ.
સર્વે વન સંરક્ષકશ્રીઓ.

(૧)

વૃક્ષ ઉછેર સ્પર્ધા માટેના પ્રોત્સાહક
ઇનામોની યોજના.

ગુજરાત સરકાર,
વન અને પર્યાવરણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ ટીઆરએસ/વનમ-૧૧૨૦૧૨-સી-ફા-૨૩-મ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ 27 JUL 2012

વંચાણે લીધોઃ-

(૧) વન અને પર્યાવરણ વિભાગનો તા. ૧/૫/૧૯૮૭નો ઠરાવ ક્રમાંકઃ ટીઆરએસ-૧૯૮૬-૩૨૯૧-વ-૨
(૨) અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની સીંગલ ફાઇલ ક્રઃ વનમ-હે-૨/૧૧૪/ સને ૨૦૧૨-૧૩ની દરખાસ્ત.

પ્રસ્તાવનાઃ

વન અને પર્યાવરણ વિભાગના વંચાણે લીધેલ સંદર્ભ-૧ તા. ૧/૫/૧૯૮૭ના ઠરાવથી રાજ્યમાં વનીકરણની પ્રવૃત્તિમાં ખાનગી વ્યક્તિઓ રસ લે, તેના માટે પ્રોસ્તાહન મળી રહે તે હેતુથી વન પંડિતનું પ્રમાણપત્ર તથા ઇનામની રકમ રૂ. ૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દશ હજાર પુરા) નું એક ઇનામ રાજ્ય કક્ષાનું આપવાનું ઠરાવવામાં આવેલ છે. અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીની સંદર્ભ-૨ સામે દર્શાવેલ સીંગલ ફાઇલથી આ ઇનામ એકના બદલે ત્રણ આપવા અને આ ઇનામની રકમ પ્રથમ ઇનામ રૂ. ૫૦,૦૦૦/- (અંકે રૂપિયા પચાસ હજાર પુરા) દ્વિતીય ઇનામ રૂ. ૨૫,૦૦૦/- (અંકે રૂપિયા પચીસ હજાર પુરા) અન તૃતીય ઇનામ રૂ. ૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દશ હજાર પુરા) આપવા માટે મોકલેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ-

પુખ્ત વિચારણાના અંતે રાજ્ય કક્ષાએ વન પંડિતના પ્રથમ, દ્વિતીય અને તૃતીય એમ ત્રણ ઇનામો આપવા માટે અને તે માટે ઇનામની રકમ અનુક્રમે પ્રથમ રૂ. ૫૦,૦૦૦/- (અંકે રૂપિયા પચાસ હજાર પુરા), દ્વિતીય રૂ. ૨૫,૦૦૦/- (અંકે રૂપિયા પચીસ હજાર પુરા) અને તૃતીય ઇનામ રૂ. ૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દશ હજાર પુરા) આપવા માટે આથી ઠરાવવામાં આવે છે.

૨/- સંદર્ભ-૧ સામે દર્શાવેલ તા. ૧/૫/૧૯૮૭ના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

૩/- આ ઠરાવનો અમલ રવાનગી તારીખથી કરવાનો રહેશે.

૪/- આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક ૨૬ મુખ્ય સદર –૪૪૦૬ વન નિર્માણ અને વન્ય પ્રાણી જીવન અંગે મુડી ખર્ચ જોગવાઇ ગૌણ સદર -૧૦૧-વન સંરક્ષણ અને વિકાસ, પેટા સદર (૧૦) ગુજરાત સામુહિક વન નિર્માણ યોજના હેઠળ ઉધારવાનો રહેશે અને તે સદરે મંજૂર રહેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

૫/- આ હુકમો આ વિભાગની સરખાક્રમાંકની ફાઇલ ઉપર અગ્ર સચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગની તા. ૧૯/૭/૨૦૧૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમની અને તેમના નામે,

-- સહી --
(દર્પણા ધીમ્મર)
નાયબ સચિવ,
વન અને પર્યાવરણ
વિભાગ.

પ્રતિ,

- માન. મંત્રીશ્રી(વન) અને અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (વન) અને અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, મુખ્ય સચિવનું કાર્યાલય, બ્લોક નં. ૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય ,ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, વન અને પર્યાવરણ, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, (કૃષિ) સચિવાલય, ગાંધીનગર.
- અ.મુ.સચિવશ્રી, (ગ્રામ વિકાસ) સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલયમ, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અ.મુ. સચિવશ્રી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના તમામ વિભાગો
- વન મહાનિર્દેશકઃ ડાયરેક્ટર જનરલ ઓફ ફોરેસ્ટ ભારત સરકાર ન્યુ દિલ્હી
- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, સાવયો, ગાંધીનગર.
- જીલ્લા કલેક્ટરશ્રીઓ તમામ મામલતદારશ્રીઓને તેમજ ગ્રામ પંચાયતો, ખાનગી સંસ્થાઓ, જાહેર સંસ્થાઓ અને ઔદ્યોગિક સંસ્થાઓને જાણ કરવાની વિનંતી સાથે.
- શિક્ષણ નિયામકશ્રી, ગાંધીનગર.
- જીલ્લા વિકાસ અધિકારીઓ(બધા) તમામ તાલુકા વિકાસ અધિકારીઓને જાણ કરવાની વિનંતી સાથે.
- જીલ્લા વિકાસ અધિકારીઓ (બધા) તમામ શાળાઓને જાણ કરવાની વિનંતી સાથે.
- જીલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી તમામ શાળાઓને જાણ કરવાની વિનંતી સાથે.
- વન સંરક્ષકશ્રી, તમામ.
- નાયબ વન સંરક્ષકશ્રી, તમામ.
- નિયામકશ્રી, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી તમામ.
- સિલેક્ટ ફાઇલ.

# પરિશિષ્ટ-૧

## વન પંડિત પુરસ્કાર માટે દરખાસ્તનો નમુનો

૧. કામગીરીનો પ્રકારઃ (અ) નર્સરી (બ) વાવેતર

૨. વ્યક્તિનું નામઃ

સરનામુંઃ

સંપર્ક નંબરઃ

(અ) નર્સરી કેટેગરી માટે

૩. નર્સરીનું સ્થળઃ ગામઃ તાલુકોઃ જીલ્લોઃ

નાણાકિય સ્ત્રોતઃ

સમયગાળોઃ

ઉછેરેલ રોપાની વિગતઃ

| અ.નં. | રોપાની જાત | ઉછેરેલ રોપાની સંખ્યા | વિતરણ કરેલ રોપાની સંખ્યા | મુલ્યથી વેચાણ રોપા | ઉપજ (રૂ.) |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| કુલ | | | | | |

ખાસ રોપ ઉછેર પધ્ધતિ/પ્રયાસ/તકનીકઃ

(બ) વાવેતર માટે:

૪. વાવેતરનું સ્થળ: ગામ: તાલુકો: જીલ્લો:

જમીનની માલિકી : ખાનગી/સંસ્થાકિય/ઔદ્યોગીક એકમ/સરકારી

વાવણી વિસ્તાર કેવો? પથરાળ/ડુંગરાળ/ખારાશવાળો/જલપ્લાવિત/અન્ય

વિસ્તાર: (હે.):

રોપણીની તારીખ :

મોનીટરીંગની તારીખ:

રોપાની વિગત:

| અ.નં. | રોપાની જાત | રોપેલ રોપાની સંખ્યા | જીવંત રોપાની સંખ્યા |
|---|---|---|---|
| | | | |
| | | | |
| કુલ | | | |

પાણીની સગવડ:

રક્ષણ વ્યવસ્થા:

વાવેતર સફળ બનાવવા ખાસ તકનીક/પ્રયાસ/પધ્ધિત:

તારીખ: સહિ:

સ્થળ: નામ:

નોંધ: ઉત્તમ કામગીરીના વ્યજબીપણા માટેની માહિતી/ સાહિત્ય/ ફોટો વગેરે પરિશિષ્ઠ તરીકે મોકલવા વિનંતી.

# પરિશિષ્ટ-૧

## વન પંડિત પુરસ્કાર માટે દરખાસ્તનો નમુનો

૧. કામગીરીનો પ્રકાર: (અ) નર્સરી (બ) વાવેતર

૨. વ્યક્તિનું નામ:

સરનામું:

સંપર્ક નંબર:

(અ) નર્સરી કેટેગરી માટે

૩. નર્સરીનું સ્થળ: ગામ: તાલુકો: જીલ્લો:

નાણાકિય સ્ત્રોત:

સમયગાળો:

ઉછેરેલ રોપાની વિગત:

| અ.નં. | રોપાની જાત | ઉછેરેલ રોપાની સંખ્યા | વિતરણ કરેલ રોપાની સંખ્યા | મુલ્યથી વેચાણ રોપા | ઉપજ (રૂ.) |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| કુલ | | | | | |

ખાસ રોપ ઉછેર પધ્ધતિ/પ્રયાસ/તકનીક:

(બ) વાવેતર માટે:

૪. વાવેતરનું સ્થળ: ગામ: તાલુકો: જીલ્લો:

જમીનની માલિકી : ખાનગી/સંસ્થાકિય/ઔદ્યોગીક એકમ/સરકારી

વાવણી વિસ્તાર કેવો? પથરાળ/ડુંગરાળ/ખારાશવાળો/જલપ્લાવિત/અન્ય

વિસ્તાર: (હે.):

રોપણીની તારીખ :

મોનીટરીંગની તારીખ:

રોપાની વિગત:

| અ.નં. | રોપાની જાત | રોપેલ રોપાની સંખ્યા | જીવંત રોપાની સંખ્યા |
|---|---|---|---|
| | | | |
| | | | |
| કુલ | | | |

પાણીની સગવડ:

રક્ષણ વ્યવસ્થા:

વાવેતર સફળ બનાવવા ખાસ તકનીક/પ્રયાસ/પધ્ધિત:

તારીખ: સહિ:

સ્થળ: નામ:

નોંધ: ઉત્તમ કામગીરીના વ્યજબીપણા માટેની માહિતી/ સાહિત્ય/ ફોટો વગેરે પરિશિષ્ઠ તરીકે મોકલવા વિનંતી.